RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૦૬ તા.૨૬–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ.પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(આરોગ્ય વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા. ૫–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સુરત શહેર હરીપુરા પીરછડી રોડ ઘ. નં.૪/૧૩૮વાળી મિલકતના માલીક શ્રી ઉમા ટ્રેડીંગ કાું ની દુકાન ચલાવે છે જેમાં તમામ જાતના પાવડર જેવા કે સોપસ્ટોન, સંખજીરૂ,ખરીપાવડર,ડોલોમાઈટ, ચાઈનાકલે,ટેલ્કમપાવડર, કેલસાઈટ પી.સી.સી. ચોક પાવડરવિગેરે જેવા પાવડરોનું વેચાણ કરે છે તેમજ ગુલાલ તેમજ અબીલનું પણ વેચાણ કરે છે આતમામ વસ્તુઓનું વેચાણ કરવા માટે સુ.મ.ન.પા.ના આરોગ્ય વિભાગે કઈ સાલથી મંજુરી આપવામાં આવી તેની સર્ટીફાઈડ નકલ ફાળવવી. (૨) ૪/૧૩૮ વાળી મિલ્કતના માલિક મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબના જે પાઉડરોનું વેચાણ કરે છે જે આરોગ્યને નુકશાન કરે છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૬/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ.પટેલની તા. ૫–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેર હરીપુરા પીરછડી રોડ ઘ. નં. ૪/૧૩૮વાળી મિલકતના માલીક શ્રી ઉમા ટ્રેડીંગ કાું ની દુકાન ચલાવે છે જેમાં તમામ જાતના પાવડર જેવા કે સોપસ્ટોન,સંખજીરૂ,ખરીપાવડર,ડોલોમાઈટ, ચાઈનાકલે,ટેલ્કમપાવડર, કેલસાઈટ પી.સી.સી. ચોક પાવડર વિગેરે જેવા પાવડરોનું વેચાણ કરે છે તેમજ ગુલાલ તેમજ અબીલનું પણ વેચાણ કરે છે આ તમામ વસ્તુઓનું વેચાણ કરવા માટે સુ.મ.ન.પા.ના આરોગ્ય વિભાગે કઈ સાલથી મંજુરી આપવામાં આવી તેની સર્ટીફાઈડ નકલ ફાળવવી. (૨) ૪/૧૩૮ વાળી મિલ્કતના માલિક મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબના જે પાઉડરોનું વેચાણ કરે છે જે આરોગ્યને નુકશાન કરે છે તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં.૧૭૧૧ તા.૧૪–૧૨–૧૧થી ખોટી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા રેકર્ડ પર માહિતી નહીં હોવા અંગે રેકર્ડ નાશ–નિકાલની વિગતો સ્પષ્ટ કરવા તથા વાસ્તવમાં આવું લાયસન્સ/નોંધણી અંગે દફતરી માહિતી હોય તો વૈધાનિક જોગવાઈ સહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૫ તા.૬–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(આરોગ્ય વિભાગ) તથા અરજદારને ખોટી માહિતીના દાવાના સમર્થનમાં આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૨૦૫૯ તા.૨૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં અત્રેથી અરજદારની પૂરક વિગતો બાદ પાઠવેલ પત્ર સંદર્ભે પત્ર નં.સી.ઝેડ/ આરટી આઈ/આ.નં.૨૧૯૯ તા.૧–૨–૧૨ ના પત્રની નકલ, અરજદારનો તા.૧૬–૧–૧૨ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭૧૧ તા.૧૪–૧૨–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ડે. કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/ આઅ/પીઆઈ/આ.ન.૩૭૭ તા.૧૭–૧–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. પીએચડી/ આઅ/પીઆઈ/૩૨૧ તા.૨૬–૧૨–૧૧ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૬–૧–૧૨ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી આરોગ્ય વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં. ૧૭૧૧ તા.૧૪–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. તેમજ ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. પીએચડી/આઅ/પીઆઈ/૩૨૧ તા.૨૬–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) સુરત શહેર હરીપુરા પીરછડી રોડ ઘ. નં.૪/૧૩૮વાળી મિલકતના માલીક શ્રી ઉમા ટ્રેડીંગ કાું ની દુકાન ચલાવે છે જેમાં તમામ જાતના પાવડર જેવા કે સોપસ્ટોન,સંખજીરૂ,ખરીપાવડર,ડોલોમાઈટ, ચાઈનાકલે,ટેલ્કમપાવડર, કેલસાઈટ પી.સી.સી. ચોક પાવડર વિગેરે જેવા પાવડરોનું વેચાણ કરે છે તેમજ ગુલાલ તેમજ અબીલનું પણ વેચાણ કરે છે આ તમામ વસ્તુઓનું વેચાણ કરવા માટે સુ.મ.ન.પા.ના આરોગ્ય વિભાગે કઈ સાલથી મંજુરી આપવામાં આવી તેની સર્ટીફાઈડ નકલ ફાળવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી રેકર્ડ ચકાસતાં આવી કોઈ માહિતી રેકર્ડ પર મળી આવેલ નથી. તેવું જણાવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી રેકર્ડ ચકાસતાં આવી કોઈ માહિતી રેકર્ડ પર મળી આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દ નં. (૨) ૪/૧૩૮ વાળી મિલ્કતના માલિક મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબના જે પાઉડરોનું વેચાણ કરે છે જે આરોગ્યને નુકશાન કરે છે તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી રેકર્ડ ચકાસતાં આવી કોઈ માહિતી રેકર્ડ પર મળી આવેલ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગ તરફથી આવી કોઈ માહિતી રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/ આઉટ/ નં.૧૭૧૧ તા.૧૪–૧૨–૧૧થી ખોટી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારે અપીલ તબકકે (૧) માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે માહિતી છુપાવવામાં આવેલ છે. તેમજ ખોટી માહિતી આપવામાં આવેલ છે. (૨) મે જે માહિતી માંગેલ એ માહિતી જે વિભાગને લાગે છે તે વિભાગને મોકલી ખોટી રીતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવી જે પણ ખોટી ખરેખર ઈ.ચા. આરોગ્ય અધિકારી (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવાની હતી તે આપવામાં આવેલ નથી. (૩) માહિતી માંગેલ તે માહિતીના અનુસંધાનમાં અગાઉ મે સુમપાના આરોગ્ય અધિકારીને વિગત વાર ૯–૩–૧૧ ના રોજ અરજી કરવામાં આવેલ. ત્યાર બાદ મે. કમિ.શ્રીને ૪–૪–૧૧ ના રોજ રીમાઈન્ડર અરજી કરવામાં આવેલ. આ અરજીમાં જણાવેલ કે તા.૧૯–૩–૧૧ ના રોજ નાયબ આરોગ્ય અધિકારીએ અરજી બાબત સ્થળ તપાસ કરવામાં આવેલ તેમજ દંડ પણ વસુલ કરવામાં આવેલ. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી ખોટી માહિતી આપવામાં આવી કે રેકર્ડ નથી. તેવી રજૂઆત બાબતે અરજદારે તેમની તા.૮–૩–૧૧ તથા તા.૪–૪–૧૧ ની અરજીની નકલ રજૂ કરેલ છે જે સેન્ટ્રલઝોન ધ્વારા સ્વીકારાયેલ પણ છે પરંતુ સેન્ટ્રલઝોન તરફથી તા.૧૯–૩–૧૧ ના રોજ સ્થળ તપાસ કરી દંડ વસુલ કરવામાં આવેલ છે તેવી કોઈ વિગતો જાહેર માહિતી અધિકારી કે અપીલ અધિકારી સમક્ષ આધાર તરીકે રજૂ કરેલ નથી.(૪) તા.૧૯–૩–૧૧ ના રોજ નાયબ આરોગ્ય અધિકારીએ સ્થળ તપાસ કરવામાં આવેલ જેને સંપૂર્ણ તપાસ કરવામાં આવેલ તેમ છતાં ગેરકાયદેસર સુમનપાની પરવાનગી જે પાવડરનું વેચાણ થાય છે જે ધ્યાનમાં આવે તેમ છતાં શા માટે કોઈ નોટીસ આપવામાં ન આવી. આમ સ્થળ તપાસ અધિકારી સંપૂર્ણ વાતથી વાકેફ હોય તેમ છતા તેમજ સ્થળ તપાસનો રીપોર્ટ ન બનાવી શું સાબિત કરવા માંગે છે ખરેખર સ્થળ તપાસ કરવામાં આવી મતલબ કે રેકર્ડ બનવો જોઈએ. તેમ છતાં ખોટી માહિતી આપી. (૫) મુદ્દા નં.૨ થી માંગેલ માહિતીના અનુસંધાનમાં જણાવામાં આવેલ છે કે રેકર્ડ નથી તો પછી તા.૧૯–૩–૧૧ તેમજ તા. ૧૧–૪–૧૧ ના રોજ નાયબ આરોગ્ય અધિકારી એ જે સ્થળ તપાસ કરી ત્યાર શા માટે પાવડરના સેમ્પલ લઈ ટેસ્ટીંગ માટે ન મોકલ્યા હાલ આજે પણ આ પાવડરોનું વેચાણ ચાલુ જ છે દુકાનમાં તેમ છતાં ખોટી જાણકારી આપવામાં આવી. (૬) આજે પણ સ્થળ ઉપર ૪૦૦ થી ૫૦૦ ગુણ પાવડર મહિનામાં ત્રણથી ચારવાર બહારથી આવે છે તે સંપૂર્ણ વાત વોર્ડ–૪ એના આરોગ્ય અધિકારી ને જાણ હોવા છતાં રેકર્ડ બનાવવામાં ન આવ્યો. (૭) કરદાતા જો અરજી કરે અને આ અરજીના અનુસંધાનમાં જ માહિતી માંગવામાં આવે છે તેમ છતાં જાહેર માહિતી અધિકારી જણાવે છે કે માહિતી ઉપલબ્ધ નથી તે કરેલ અરજી શું કચરામાં ફેંકવામાં આવી કે પછી ફાડી નાખંવામાં આવી. તેવી અરજદારે રજૂઆત કરેલ છે.

જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૨૦૫૯ તા.૨૦–૧–૧૨ થી પૂરક પત્રમાં તેમણે માંગેલ માહિતીમાં કોઈ હકીકત છુપાવવામાં આવી નથી. સેન્ટ્રલઝોન તરફથી બીપીએમસી એકટ મુજબ તમામ જાતના પાઉડર સોપસ્ટોન,સંખજીરૂ,ખરીપાવડર,ડોલોમાઈટ, ચાઈનાકલે,ટેલ્કમપાવડર, કેલસાઈટ પી.સી.સી. ચોક પાવડર વિગેરે માટે બીપીએમસી એકટ મુજબ લાયસન્સની જોગવાઈ નથી જેથી સેન્ટ્રલઝોન વિભાગ તરફથી આ લાયસન્સ આપવામાં આવેલ ન હોય આ અંગેની કોઈ પણ જાતની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી જેથી મળી શકે

તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.ર માં અરજદારે ૪/૧૩૮ વાળી મિલ્કતમાં જે પાઉડરોનું વેચાણ કરેલ છે જે નુકશાન કરે છે જે બાબતે સેન્ટ્રલઝોન તરફથી જે જવાબ આપવામાં આવેલ છે તે સાચો છે. અરજદારને કોઈ પણ જાતની ખોટી માહિતી આપવામાં આવેલ નથી. અપીલ અરજીના અન્ય મુદ્દા બાબતે અરજદારે જે તે સમયે આરટીઆઈની માંગેલ માહિતીમાં ઉપસ્થિત કરેલ નથી જેથી અપીલ તબકકે સેન્ટ્રલઝોન તરફથી તેનો જવાબ કરવાનો રહેતો નથી. વધુમાં સેન્ટ્રલઝોન કક્ષાએથી રેકર્ડ આધારીત માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ.

જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પૂરક વિગતમાં પત્ર નં.પીએચડી/ આ.અ/પીઆઈ/૩૭૭ તા.૧૭–૧–૧૨ થી મુદ્દા નં.૧ માં જે રજૂઆત કરવામાં આવેલ છે તે સંદર્ભે મુળ અરજીમાં જણાવેલ પદાર્થ પાઉડરો અંગે બીપીએમસી એકટ હેઠળ લાયસન્સની જોગવાઈ નથી અને જેથી આવા પદાર્થ માટે કોઈ લાયસન્સ આપવામાં આવેલ ન હોવાથી અરજદારને પાઠવેલ જવાબ રેકર્ડ ચકાસતાં આવી કોઈ માહિતી રેકર્ડ પર મળી આવેલ નથી. તે જવાબ યોગ્ય જ છે. અપીલ અરજીના મુદ્દા નં.ર માં જણાવેલ કે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવાની થતી હતી તે આપવામાં આવેલ નથી તે બાબતે અરજદારને આરોગ્ય વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/આઅ/પીઆઈ/૩ર૧ તા.ર૬–૧ર–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે જે રજીસ્ટર. એડી. પોસ્ટથી અરજદારને પહોંચાડવામાં આવેલ છે અને તે પત્ર તેઓને તા.ર૮–૧ર–૧૧ ના રોજ મળ્યા બદલની સહી સાથેની પહોંચ પણ આરોગ્ય વિભાગને મળેલ છે અરજદારને સમય મર્યાદાની અંદર જ જવાબ આપવામાં આવેલ હોવા છતાં તે જવાબ/માહિતી આપવામાં આવેલ ન હોવાનું જણાવી અપીલ અધિકારીશ્રીને સત્યથી વેગળી રજૂઆત કરેલ છે. તેથી મુદ્દા નં.ર ગ્રાહય રાખવા જોગ નથી. અપીલ અરજીના મુદ્દા નં.૩,૪,૫,૬ ના પ્રશ્નો અરજદારે મુળ અરજીથી અલગ રીતે ઉપસ્થિત કરેલ છે. તે જોતાં આ મુદ્દા પણ ગ્રાહય રાખવા જોગ નથી. અપીલ અરજીના મુદ્દા નં.૭ માં અરજદારની મુળ અરજી સંદર્ભે નિયમ અનુસાર જવાબ આપવામાં આવેલ છે. જેથી અરજી કચરામાં ફેંકવામાં આવી કે ફાડી નાંખવામાં આવી હોવાની અરજદારની રજૂઆત ગ્રાહય રાખવા જોગ નથી તેવું જણાવેલ છે.

અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૫ તા.૬–૧–૧ર થી ખોટી માહિતીના દાવાના સમર્થનમાં આધાર હોય તો રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૬–૧–૧ર ના પત્રથી તા.ર૬–૧ર–૧૧ ના રોજ કરવામાં આવેલ અપીલ સાથે અગાઉ તા.૪/૧૩૮ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર પથ્થરનો પાઉડર વેચાણ થાય છે તે બાબતની વિગતવાર અરજી કમિ.શ્રીને કરવામાં આવેલ. આ અરજીના અનુસંધાનમાં સેન્ટ્રલઝોનના નાયબ આરોગ્ય અધિકારી અજીત ભટ્ટ તેમજ વોર્ડ નં.૪/એ ના આરોગ્ય વિભાગના અધિકારીએ સ્થળ તપાસ કરી દંડ પણ વસુલ કરવામાં આવેલ. જે રસીદ વોર્ડ નં.૪/એ ના આરોગ્ય વિભાગ પાસે રેકર્ડ હોવા છતાં માહિતી ઉપલબ્ધ નથી તેવી ખોટી માહિતી પૂરી પાડેલ છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ દંડ વસુલ રજૂ કર્યા અંગેની કોઈ રસીદ, રીપોર્ટ કેઆરટીઆઈ હેઠળ માંગેલ માહિતીનો પ્રત્યુત્તર જેવા કોઈ આધાર પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. ત્યાર બાદ અરજદારની ઉપરોકત તા.૧૬–૧–૧ર ના પત્રમાં જણાવેલ બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૭૩ તા.ર૪–૧–૧ર થી પુનઃ પત્ર પાઠવી તે મુજબની કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેના દફતરી કાગળો, નોંધ, નોટીસ અને રસીદની નકલ જોગવાઈસહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારે મુળ માહિતી માંગણીમાં આ મુદ્દા સમાવિષ્ટ કરેલ ન હોઈ તેવી કોઈ માહિતી આપવાની રહેતી નથી તેમ જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલના આધાર મુદ્દાઓમાં કરેલા દાવાઓ અંગે પુરાવાઓ રજૂ કરવામાં સફળ રહેલ નથી. તેમજ અપીલ તબકકે મુળ અરજીથી સ્થળ તપાસ કરી રેકર્ડ બનાવવો જોઈએ પાઉડરોના સેમ્પલ લેવા જોઈએ અરજીઓ કચરામાં મુકવામાં આવી કે ફાડી નાંખવામાં આવી તેવા મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે પણ કોઈ આધાર પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી તથા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન પાસે પણ અરજદારને અગાઉ આવી કોઈ વિગતો બાબતે કાર્યવાહી થઈ હોય તેવી વિગતો અપીલ તબકકે માગવા છતાં રેકર્ડ ઉપર ઉપસ્થિત ન હોવાનું જણાવેલ છે. આમ બંને પક્ષકારો તરફથી સ્થળ તપાસ , દંડ કે આરટીઆઈ હેઠળની માહિતી સંબંધે કોઈ રેકર્ડ હોવાના પુરાવાઓ રજૂ થયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૫–૧ર–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ મુદ્દા નં.ર ના અરજદારના વિધાન અંગે કોઈ માહિતી

બંન્નેમાંથી કોઈ જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ નથી. અરજદારે મુદ્દા નં.ર માં વિધાન કરેલ છે તેમ છતાં તેમની તા.૮–૩– ૧૧ તથા ૪–૪–૧૧ ની અરજીઓ જે સેન્ટ્રલઝોન ધ્વારા સ્વીકારાયેલ છે. તેના સંદર્ભે જે કંઈ કાર્યવાહી થયેલ હોય તેના સંદર્ભમાં મુદ્દા નં.ર ની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧ર

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે
(ર) શ્રી સુરેશ એમ.પટેલ,